ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# "કોરોના (COVID 19 ) ની ગ્રામીણ સમાજ પર અસર"

વાઘેલા શામજી યુ.
પીએચ. ડી. વિદ્યાર્થી
સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ

વર્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા જાહેર થયેલ કોરોના (COVID-19) એ ભારત સહિત સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે તકેદારીરુપે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ભારત એ ગામડાઓનો બનેલો દેશ છે તેથી તેની અસર ગ્રામીણ સમાજ પર પડે તે સ્વાભાવિક છે. આ લોક ડાઉન દરમ્યાન ક્ષેત્ર કાર્ય વગર ઘરે રહીને મારા અનુભો અને અનુમાનો આધારિત કોરોના જેવી વૈશ્વિક મહામારીની ગ્રામીણ સમાજ પરની અસરોને સમજવાનો પ્રયાસ કર્યો છે.

લોક ડાઉન દરમ્યાન શહેરમાં ઉધોગો અને અન્ય રોજગાર બંધ થયા તેથી ગ્રામીણ ક્ષેત્રોમાંથી શહેરમાં રોજગારી મેળવવા ગયેલા મજૂરોને ત્યાં રોજગારીના અભાવે આર્થિક સમસ્યા, શહેરોમાં ઝડપી રોગ ફેલાવાનો ડર, વગેરે કારણસર લોકો શહેરોમાંથી ગમડા તરફ પાછા ફર્યા છે. તેથી ગામડા પર આર્થિક બોજારૂપ બને છે. કારણકે તેમના માટે ગામડાઓમાં તાત્કાલિક રોજગારી ઉભી કરી શકાય નહિ.

વર્તમાનમાં ગામડું એ આત્મનિર્ભર એકમ રહ્યું નથી. શહેરો જે રીતે ગામડા પર આધાર રાખે છે તેમ ગામડું પણ શહેરો પર આધાર રાખે છે. જીવન જરૂરિયાતની ઘણીખરી ચીજવસ્તુઓનું ઉત્પાદન શહેરી ઉધોગોમાં થાય છે અને લોકોની જરૂરિયાતોમાં પણ વધારો થયો છે. શહેરોમાંથી ચીજ વસ્તુઓની આવક બંધ થઇ છે.

ગ્રામીણ સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેડૂતો એ પોતાના પાકના વેચાણ માટે શહેરોમાં જવું પડે છે. લોક ડાઉન દરમ્યાન ખેડૂતો ને તના પાકના વેચાણની પણ સમસ્યા ઉભી થઈ છે.

ગ્રામીણ સમાજમાં મોટા ભાગે મૃત્યુ પછી અંતિમ સંસ્કાર દરમ્યાન ઘર દીઠ એક વ્યક્તિને ફરજિયાત જવાનું હોય. જે ગ્રામીણ એકતા અને આદર્શ છે. જે અમેપણાની ભાવના સૂચવે છે. પરંતુ લોક ડાઉન દરમ્યાન આવાં કાર્યમાં લોકોની સંખ્યામાં મર્યાદા આવી જાય છે.

ગ્રામીણ લોકોના જીવનમાં રોજબરોજની (covid 19) ને લગતી ચર્ચાઓ અને મારા અનુભવોથી ખ્યાલ આવે કે દરેક બાબતને ધર્મ સાથે સાંકળે છે. દરેક સમસ્યાને ધર્મની દ્રષ્ટિએ જુએ છે. જ્યારે કોઇ રોગ ફેલાય ત્યારે તેઓ દેવી - દેવતાનો પ્રકોપ માને છે. સોસિયલ મિડિયાના માધ્યમથી પણ જાણવા મળ્યું છે કે ગામડાના ભુવાઓએ પણ આવી વાત કરેલ છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

ત્યારબાદ વાત આવે છે કે લોક ડાઉન દરમ્યાન લોકોએ ઘરે રહેવાની અપીલ કરવામાં આવી છે . તેથી સ્ત્રીઓને ઘરના સભ્યોને સાચવવાની જવાબદારીમાં વધારો થયો છે. કારણકે ગ્રામીણ સમાજમાં શ્રમ વિભાજન વય અને લિંગ આધારે જોવા મળે છે. ઘરના બધા જ કામોની જવાબદારી સ્ત્રીઓએ સંભાળવાની હોય છે.

કોરોના વાઈરસને લીધે હાલમાં સામાજિક અંતર વધી રહ્યું છે. જે વ્યક્તિઓ અને સમૂહોને અલગ અથવા જૂદા પાડે છે. જે લોકો વચ્ચેની આંતરક્રિયામાં અવરોધ ઊભો કરે છે. આવા કારણસર પરસ્પરથી દૂર થતાં સમૂહો કે વ્યક્તિઓ ભય, વિરોધ કે અન્ય કોઇ પૂર્વગ્રહો કેળવે છે. આવું જ ગ્રામીણ જ્ઞાતિઓમાં અસ્પૃશ્યતાના ખ્યાલમાં જોવા મળે છે. પરંતુ અહીં સામાજિક અંતર માટે જ્ઞાતિ નહિ પરંતુ કોરોના જેવી બીમારી જવાબદાર છે. સામાજિક અંતર જો લાંબો સમય ચાલુ રહે તો સામાજિક વિઘટન પણ સર્જાય શકે.

લોક ડાઉન દરમ્યાન તેની નકારાત્મક અસરો તો ખૂબ જ થઈ છે. પરંતુ તેની સાથે હકારાત્મક અસરો પણ જોવા મળે છે. ઉધોગો અને વાહન વ્યવહાર બંધ હોવાથી પ્રદૂષણમાં ઘટાડો નોંધાયો છે. જે પર્યાવરણ પર સારી અસર થઈ છે. તેમજ લોકો સ્વચ્છતાનો ખ્યાલ રાખતા થયા છે અને અકસ્માતના બનાવો પણ ઓછા થયા છે.